# શહેરમાં મોબાઈલ નેટવર્ક "સ્લો" પડવાની સમસ્યાથી યુઝર્સ પરેશાન

## ખરાબ નેટવર્કને કારણે કોલ ડ્રોપથી માંડીને જલ્દી કોલ નહીં લાગવા સહિતની સમસ્યાઓ વધી ઈન્ટરનેટ સ્લો ચાલતુ હોવાથી ઈ-પેમેન્ટ સહિત ઓનલાઈન એજ્યુકેશનમાં પણ પરેશાની

ગાંધીનગર, તા. ૨૨

છેલ્લાં કેટલાંક દિવસથી ગાંધીનગરમાં મોબાઈલ ફોન નેટવર્કમાં ગ્રાહકોને પરેશાની થઈ રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી રહી છે. શહેરમાં લગભગ મોટાભાગની મોબાઈલ કંપનીના નેટવર્કમાં અત્યારે નેટ સ્લો ચાલવું, કોલ ડ્રોપ થવાં કે કોલ લાગવા જ નહીં જેવી સમસ્યાઓ વર્તાઈ રહી છે જેના કારણે યુઝર્સને વિવિધ મુશ્કેલીઓ જેવી કે ઓનલાઈન પેમેન્ટ કે યુપીઆઈ ટ્રાન્ઝેક્શન ના થવું, ઓટીપી વારંવાર એક્સ્પાયર થઈ જવી અથવા અગત્યની ફાઈલ કે ડેટા મોકલવા કે રીસીવ કરવામાં તકલીફ પડવી વગેરેનો અનુભવ થઈ રહ્યો છે.

શહેરમાં છેલ્લા કેટલાંક સમયથી બીએસએનએલ સહિત અન્ય ખાનગી કંપનીઓના નેટવર્ક સ્લો ચાલતાં હોવાની ફરિયાદો જોવા મળી રહી છે. અત્યારે સ્માર્ટ ફોનથી એજ્યુકેશનથી લઈને ઓનલાઈન બેંકિંગ અને ચેટથી લઈને શોપીંગ સુધી મોટાભાગની પ્રક્રિયાનું ચલણ વધી જવા પામ્યું છે અને માનવી મોબાઈલ પર વધુ ને વધુ ડીપેન્ડ થઈ રહ્યો છે. જો કે મોબાઈલ પરનું આ ભારણ તેના નેટવર્કની ગુણવત્તાને આધારિત હોય છે અને અત્યારે ફોર-જીના યુગમાં જ્યારે મોબાઈલ ઈન્ટરનેટ સસ્તું થવા સાથે હાતવગુ બનતા અનેક બાબતો તેની સાથે જોડાઈ ગઈ જેમાં સરકારી યોજનાઓના લાભ પણ ઓનલાઈન થઈ જવા પામ્યાં છે. આ સ્થિતિમાં ધીમું નેટવર્ક ઝડપી બની ચુકેલી જીંદગીને પાછળ ધકેલવાનું કાર્ય કરતું હોય તેવું ગ્રાહકોને અનુભવાઈ રહ્યું છે. જેની ઘણી બધી આડઅસરો પણ જોવા મળી રહી છે. વળી આજકાલ બાળકોતી માંડીને વડીલો સુધી, ગૃહિણીઓથી માંડીને ગર્વનર સુધી સૌ કોઈ સોશ્યિલ મિડીયાનો ભરપૂર ઉપયોગ કરી રહ્યાં છે ત્યાં સુધી કે સોશ્યિલ મિડીયા તેમનું અભિન્ન અંગ બની જવા પામ્યુ છે. આ સ્થિતિમાં મોબાઈલ ઈન્ટરનેટ ધીમુ પડી જતા નેટીઝન્સ બેચેની અનુભવે છે, તેમના સ્વભાવમાં ચિડીયાપણું અને ગુસ્સો વધી જાય છે કેમકે તેઓ પોતાના સ્ટેટસ અપલોડ કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યાં છે. આ ઉપરાંત માત્ર ઈન્ટરનેટ જ નહીં પરંતુ ખરાબ નેટવર્કને કારણે શહેરમાં ફરી એકવાર કોલ ડ્રોપ થવાની અથવા જલ્દી કોલ નહી લાગવાની સમસ્યા પણ અનુભવાઈ રહી છે અને મેસેજ પણ લેટ ડિલીવર થઈ રહ્યા છે અને અગત્યના કામોમાં વિલંબ થઈ રહ્યો છે.

### કેટલાક પેટ્રોલ પંપ પર યુપીઆઈ પેમેન્ટ બંધ કરાયું

શહેરમાં નેટવર્કમાં પ્રોબ્લેમને કારણે યુપીઆઈ સહિતના ઈ-પેમેન્ટમાં મુશ્કેલી વર્તાઈ રહી છે જેના કારણે શહેરના વાવોલ સહિતના કેટલાંક વિસ્તારના પેટ્રોલ પંપ પર ગુગલ પે અથવા પેટીએમ કે ફોન પે સહિતના યુપીઆઈ પેમેન્ટ બંધ કરી દેવાયાં છે. આ ઉપરાંત ખરાબ નેટવર્કને કારણે દિવાળી સમયે ઓનલાઈન શોપીંગ હોય કે શેરબજાર, સોના-ચાંદી સહિત કોમોડીટીના સોદા હોય તમામમાં મુશ્કેલી અનુભવાતી હોવાનું યુઝર્સ જણાવી રહ્યાં છે.



કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર શહેર ભાજપ એકમ દ્વારા "સેવાયજ્ઞ"નું આયોજન સે. ૧૭ની એસ.ટી.સી. કોલેજ ખાતે કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ૧૦૧ વર્ષની આયુ ધરાવતા એક વૃદ્ધાએ રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીના માથે હાથ ફેરવી આશિષ આપ્યા હતા. આ પ્રસંગે શહેર પ્રમુખ રૂચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# મનપાની કચેરીના ફર્નિચર માટે રિ-ટેન્ડરીંગ થતાં પ્રવેશ વિલંબમાં

## નવા બિલ્ડીંગની કામગીરી અંગે કમિશનર ડો. ધવલ પટેલે પણ બે એક વખત વિઝીટ કરી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાના નવા આકાર પામેલ સંકુલમાં હવે રૂ. ૧૦ કરોડના ખર્ચે ફર્નિચર સહિતના રાચરચીલા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મહાનગરપાલિકા દ્વારા અગાઉ આ ટેન્ડર જારી કરવામાં આવ્યુ હતુ પરંતુ તેમાં એક જ એજન્સી ક્વોલીફાય થતી હોવાથી તંત્રએ તે ટેન્ડર રદ કરી અને રિટેન્ડરીંગની કાર્યવાહી હાથ ધરી છે. સે. ૧૭ ખાતે ફાયરબ્રિગેડની પાછળના ભાગમાં વર્ષ-૨૦૧૮માં મનપાની કચેરી માટે સંકુલ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સંકુલ નિર્માણ માટે રૂ. ૧૭ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો પરંતુ તેમાં ફેરફારો સાથે આ ખર્ચ લગભગ ૨૩ કરોડને આંબી ગયો હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ આ નવીન કચેરીમાં ફર્નિચર તેમજ અન્ય સુવિધાયુક્ત કચેરી માટે રૂ. ૧૦ કરોડના ટેન્ડરને પુનઃ જારી કરવામાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આ બધી પ્રક્રિયા પૂર્ણ થતાં હજુ ત્રણ થી ૪ માસ જેટલો સમય પસાર થશે એટલે નવા નાણાંકીય વર્ષમાં અહિ કચેરીઓ કાર્યરત થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ૧૯મી માર્ચના રોજ ઉતાવળે આ બિલ્ડીંગ તેમજ અન્ડરપાસ સહિતના કામોનું ઈ.લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. કોરોનાની મહામારીને કારણે થોડોક વિલંબ જરૂર થયો છે પણ હવે ફર્નિચર સહિતની કામગીરી સંપન્ન થયા બાદ પ્રવેશ કરવામાં આવશે.

નવા બિલ્ડીંગની કામગીરી અંગે કમિશનર ડૉ. ધવલ પટેલે પણ બે એક વખત વિઝીટ કરી છે. તત્કાલીન કમિશનરે પણ વિઝીટ કરી હતી.

# રાજ્ય સરકારના વર્ગ-૩ અને ૪ ના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે બોનસ ચૂકવવા સચિવાલય ફેડરેશનની માંગ

ગાંધીનગર, તા.૨૨

કેન્દ્રના ધોરણે રાજ્ય સરકારના વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓને દિવાળી બોનસ ચૂકવવા માટે ધી ગુજરાત સચિવાલય ફેડરેશન દ્વારા રાજ્ય સરકાર સમક્ષ માગણી કરવામાં આવી છે.

ધી ગુજરાત સચિવાલય ફેડરેશન ને રાજ્યના નાણા મંત્રીને પત્ર લખીને બોનસ અંગે ની માંગણી કરતા જણાવ્યું છે કે કેન્દ્ર સરકારે કેન્દ્ર સરકારના વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓને દિવાળીના તહેવાર નિમિત્તે રૂ ૭૦૦૦ ની મર્યાદામાં બોનસ આપવાનું જાહેર કર્યું છે.

કેન્દ્રના ધોરણે રાજ્ય સરકારમાં ફરજ બજાવતા વર્ગ-૩ અને ૪ ના કર્મચારીઓને પણ દિવાળી બોનસ આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

ફેડરેશને જણાવ્યું છે કે કોરોના ની લાંબી મહામારી થી ઉદભવેલ પરિસ્થિતિને કારણે કર્મચારીઓમાં આર્થિક અસલામતી ઊભી થયેલ છે. કર્મચારીઓની આર્થિક સંકડામણમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ દિવાળીના તહેવારોની ઉજવણી આનંદ અને ઉત્સાહ સાથે કરી શકે તે માટે કેન્દ્રના ધોરણે રાજ્ય સરકારના કર્મચારીઓને પણ બોનસ આપવાની જાહેરાત રાજ્ય સરકાર કરે તેવી માંગણી સચિવાલય ફેડરેશને કરી છે.

### આગામી દિવાળી પર્વને અનુલક્ષી

# એસ.ટી.ના ઓનલાઈન બુકીંગમાં ૫૦ ટકાનો વધારો

## દિવાળીમાં વતન જવા તેમજ સોમનાથ, દિવ, અમરેલી જુનાગઢ જવા માટે વિશેષ બુકીંગ : પ્રતિદિન ૧૦૦ થી વધુ પેસેન્જરો બુકીંગ કરાવી રહ્યા છે

ગાંધીનગર તા ૨૨

કોરોનાનો કહેર ઘટતા દિવાળી પર્વની પણ નગરજનો ઉત્સાહ પુર્વક ઉજવણી કરવાના મુડમાં છે. ત્યારે શોપિંગ બજારમાં અને નગરજના જનજીવનમાં પણ રોનક જોવા મળી રહી છે. બીજીતરફ દિવાળી પર્વમાં પોતાના વતનમાં તેમજ ફરવા જવા માંગતા પરિવારજનોમાં ઓનલાઈન બુકીંગ કરાવી રહ્યા છે. એસ ટી માં ઓનલાઈન બુકીંગ કરાવતા મુસાફરોની સંખ્યામાં છેલ્લા કેટલાક દિવસોથી ૫૦ ટકાનો વધારો થયો છે. પ્રતિદિન ૧૦૦ જેટલા મુસાફરો સોમનાથ દિવ, અમરેલી અને જુનાગઢ સહીતના સૌરાષ્ટ્રના વિસ્તાર માટે બુકીંગ કરાવી રહેતા આગામી દિવાળીમાં આ રૂટમાં ટ્રાફિક વધુ રહેશે.

કોરોનાનો કહેર ઘટતા છેલ્લા ત્રણ મહીનાથી નગરના જનજીવનમાં રોનક જોવા મળી રહી છે. નવરાત્રીના તહેવારમાં પણ સેકટરોમાં ગરબાની રમઝટ જામી હતી. જયારે હાલ પણ શહેરના શોપિંગ બજારમાં ભીડ જોવા મળી રહી છે. દિવાળીના પર્વને હવે માત્ર અઠવાડીયાનો સમય જ આડો રહેતા શહેરીજનો દિવાળી પર્વની શાનદાર ઉજવણી માટે ઉત્સુક જોવા મળી રહ્યા છે. શોપિંગ બજારમાં પણ ઘરાકી ખુલી રહી છે. દિવસ દરમિયાન શોપિંગમાં ચહલ પહલ વધી છે. જયારે દિવાળી પર્વ દરમિયાન નગરજનો બહાર ફરવા જવા માટે પણ વિશેષ ઉત્સુક જોવા મળી રહ્યા છે. ખાનગી ટ્રાવેલ્સ તેમજ પર્સનલ ના માધ્યમથી ટુર કરવા માટે પણ તૈયારીઓ કરી દેવામાં આવી છે. કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી નગરજનો ઘરની બહાર નિકળી શકતા ન હતા. ત્યારે હવે કોરોનાનુ સંક્રમણ કાબુમાં છે ત્યારે નગરજનોએ દિવાળી વેકેશનને અનુલક્ષી ફરવાનો મુડ બનાવી લીધો છે. ગાંધીનગર એસ ટી ડેપોમાં પણ ઓનલાઈન બુકીંગ કરાવતા પ્રવાસીઓની સંખ્યા છેલ્લા કેટલાક દિવસોથી વધી ગઈ છે. આડા દિવસોમાં માત્ર ૫૦ થી ૬૦ પેસેન્જરો ઓનલાઈન બુકીંગ

● અનુસંધાન પાન-૭ પર

# સે-૬માં લાંબા સમયથી તૈયાર ૫૬૦ આવાસ લોકાર્પણની રાહ જુએ છે

## નવા મકાનોનુ લોકાર્પણ કરવામાં લાંબા સમયથી વિલંબ લોકાર્પણની તારીખ નક્કી થતી નથી જેના લીધે પ્રતિક્ષા યાદીને પણ ન્યાય મળતો નથી

ગાંધીનગર તા ૨૨

શહેરમાં જુના અને જર્જરિત મકાનો તોડવાની સાથે નવા આવાસો પણ બાંધવામાં આવી રહ્યા છે. એકબાજુ જોખમી આવાસોના લીધે કર્મચારીઓને મકાન ફાળવવાની પ્રક્રીયા પણ અટવાઈ છે. જેના લીધે તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. બીજીતરફ સે-૬ માં નવનિર્મિત આવાસોનુ લોકાર્પણ પણ કરવામાં આવતુ નથી સે-૬ માં ૫૬૦ જેટલા આવાસો છેલ્લા ત્રણ મહીનાથી તૈયાર છે આમછતા હજુ સુધી મકાનોનુ લોકાર્પણ ન થતા કર્મચારીઓને મકાનની ચાવી મળી નથી.

શહેરમાં એકબાજુ જોખમી આવાસોની સંખ્યા વિશેષ છે ત્યારે રહેણાંકને લાયક મકાનોના અભાવે કર્મચારીઓને આવાસ ફાળવવાની પ્રકીયા પણ અટવાઈ છે. કર્મચારીઓને રહેણાંકને લાયક મકાનો મળતા નથી જેના લીધે હાલની સ્થિતિએ આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષ યાદી પણ મોટી થતી જાય છે. હાલ તંત્રના ચોપડે ૩ હજાર કર્મચારીઓ આવાસ મામલે વેઈટીંગમાં છે. બીજીતરફ સેકટરોમાં નવા આવાસોના નિર્માણનુ કામ પણ ચાલી રહ્યુ છે. પરંતુ જુના આવાસો તોડવાની સાથે નવા આવાસોના નિર્માણ માટે હજુ સ્થળ પસંદગીની પ્રકીયા ઝડપથી હાથ ધરવામાં આવતી નથી જયારે નવા તૈયાર થયેલા આવાસોનુ લોકાર્પણ પણ છેલ્લા ત્રણ મહીનાથી અટવાયુ છે. સે-૬ માં ૫૬૦ જેટલા મકાનો તૈયાર છે પરંતુ હજુ સુધી આ આવાસોનુ લોકાર્પણ ન થતા પ્રતિક્ષા યાદીને પણ ન્યાય મળતો નથી.

સેકટરોમાં હજુ પણ નવા મકાનો બાંધવાનુ આયોજન કરાયુ છે. થોડા સમય અગાઉ જ પણ સેકટરોમાં ૯૦૦ જેટલા નવા મકાનો બાંધવા માટે પણ તંત્ર કક્ષાએથી વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જયારે તૈયાર આવાસોના લોકાર્પણનો મામલો અગાઉ કોર્પોરેશનની ચુંટણીના લીધે પાછળ ધકેલાયો હતો જયારે હાલ પણ લાંબા સમયના અંતે લોકાર્પણની તારીખ નક્કી થઈ નથી જેના લીધે આવાસો તૈયાર હોવાછતા કર્મચારીઓને મકાન ફાળવી શકાતા નથી. સે-૬ માં અન્ય સરકારી મકાનો બાંધવાની કામગીરી પણ ચાલી રહી છે. ત્યારે તૈયાર આવાસોની ચાવી હવે કર્મચારીઓન ઝડપથી મળી જાય તેવી લાગણી અને માંગણી પ્રબળ બની છે.



ગુજરાત સરકારના કર્મચારીઓએ સરકાર સામે બાંયો ચઢાવી છે. સાતમા પગારપંચ પ્રમાણેના કેટલાક ભથ્થાઓ સહિતની પડતર માંગણીઓ બાબતે છેલ્લા કેટલાય સમયથી સરકારને રજૂઆત કરવામાં આવે છે પરંતુ આ રજૂઆતને ધ્યાને ન લેવાતા ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. જુના સચિવાલય સ્થિત મહામંડળની કચેરી ખાતે મંડળના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને પડતર પ્રશ્નો બાબતે રજૂઆત કરી હતી.

# જિલ્લામાં ૨૭મી સુધી ગરમીનો પ્રકોપ યથાવત્ રહેશે

ગાંધીનગર, તા. ૨૨

આગામી ૨૭મી સુધી જિલ્લામાં ગરમીનો પ્રકોપ યથાવત્ રહેશે. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન-પૂર્વાનુમાનમાં આ સંકેત આપવામાં આવેલ છે.

હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૫૯માં જણાવ્યા પ્રમાણે ૨૩ થી ૨૯ ઓક્ટો. દરમ્યાન મહત્તમ તાપમાન ૩૩ થી ૩૫ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૮ થી ૭૯ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે તથા પવનની સરેરાશ ગતિ ૪ થી ૧૦ કિ.મી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે.

રવિ સિઝન દરમ્યાન રાઈ, વરિયાળી, બટાકા, જીરૂ, ઘઉં અને ચણાના પાકના વાવેતરનું આયોજન કરવાની સલાહ આપવામાં આવી છે. આ બુલેટીનમાં ખરીફ પાકની કાપણી કરી ખેતરને ખુલ્લુ રાખવા તેમજ દિવેલા અને કપાસના પાકમાં વરાપ થયેથી ભલામણ મુજબ ખાતર આપવુ જરૂરી છે.

જિલ્લામાં આ વખતે ચોમાસાની સિઝન દરમ્યાન ૨૯ ટકા વરસાદની ઘટ રહી છે. રવિસિઝનની વાવણીનો આરંભ હવે દિપાવલી પર્વ પછી થશે તેમ મનાઈ રહ્યુ છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિન માટે હાઉસ ટુ હાઉસ અભિયાનનો આરંભ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વેક્સિનેશનમાં રહી ગયેલા લોકો માટે આજથી હાઉસ ટુ હાઉસ વેક્સિનેશન અભિયાનો આરંભ કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે મતદારયાદી પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ ટકા વેક્સિનેશનની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જો કે કેટલાક વિસ્તારમાં વેક્સિનનો વિરોધ કરી લોકોએ લેવાનું ટાળ્યુ છે આવા લોકોને વેક્સિનના ફાયદા સમજાવી અને વેક્સિન લેવા સમજાવવામાં આવશે.

જિલ્લામાં આજે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં મળી ૬૬૦૦થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૪૭૯૭ લોકોને આવરી લેવામાં આવ્યા છે જ્યારે ગાંધીનગર શહેરમાં ૧૮૯૪ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૮,૦૯,૦૫૩ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૪,૫૪,૦૪૦ લોકને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજ સુધીમાં ૩,૫૯,૮૮૧ને વેક્સિનો પ્રથમ ડોઝ અને ૨,૧૦,૬૦૫ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે. વેક્સિનેશન અભિયાનમાં આજે પણ બીજો ડોઝ લેનારા લાભાર્થીઓની સંખ્યા વધુ જોવા મળી છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૨૫ કેસ

ગાંધીનગર, તા.૨૨

રાજ્યમાં કોરોનાના નવા ૨૫ કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૧૬ દર્દીઓ રિકવર થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૧૨૬ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે ગુજરાતનો કોરોના રિકવરી રેટ પણ સુધરીને ૯૮.૭૬ ટકાએ પહોંચ્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૩,૨૧,૦૫૮ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૬૫ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૬ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૧૫૯ સ્ટેબલ છે. ૮,૧૬,૧૨૬ નાગરિકો અત્યાર સુધીમાં કોરોનાને હરાવી ચુક્યા છે. ૧૦૦૮૭ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને મોત નિપજ્યાં છે. આજે એક પણ વ્યક્તિનું મોત થયું નથી. અમદાવાદ કોર્પોરેશનમાં ૪ કેસ નોંધાયા છે, જ્યારે બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં કોરોનાએ ફરી માથું ઉંચક્યું હોય તેમ કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે વલસાડમાં ૬ કેસ આવ્યા છે. નવસારીમાં ૪ કેસ આવ્યા છે. સુરતમાં ૩, કચ્છ, રાજકોટ કોર્પોરેશન, સુરત કોર્પોરેશનમાં ૨-૨-૨, જ્યારે ભાવનગર અને જૂનાગઢમાં ૧-૧ કેસ નોંધાયા છે. આ પ્રકારે કુલ ૨૫ કેસ આવ્યા છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com